Appendix-6

परिशिष्ट - ६

<u>પરિશિષ્ટ - ૬</u>

ઓમ્ ગુરુ.

ધનચક્કર નકશાની ગાઇડ

પ્રફુલકુમારના ઉપયોગ માટે

ઓમ્ 'સાગર'                ઓમ્ શાન્તિ

ઓમ્

પાલનપુર,
૧૧-૧૯

'સાગર'
ઓમ્ શાન્તિ

<u>કોન્ફિડેન્શિયલ</u>

ઓમ્ ગુરૂ

ઉપોદ્ઘાત

<u>અનભૈના ઘરનું ભૂમિતિ શાસ્તર.</u>

૧. આ ધનચકકર નકશો માત્ર તેને જ ઉપયોગી છે કે જે આ ભવરણના કર્તા મિ. 'હું'ની બધી લાગણીઓને અને એમનાં કામકાજને રદ કરવાને અને એમના કાર્યો કર્યા કરવાને માટે બધા દૃશ્ય પદાર્થોનું તેમજ પોતાની અન્દરનાં એમનાં વળગણોનું રાજીખુશીથી બલિદાન હોમવાને ખરેખર તૈયાર હોય. પ્રાચીન અને અર્વાચીન હિન્દુ દર્શનકારોનું અને સંતોનું એવું ચોકકસ માનવું છે કે જે માણસ આધ્યાત્મિક જીવનરૂપી ભૂમિતિ શાસ્ત્રનો આ સિધ્ધાન્ત સ્વાનુભવથી સિધ્ધ કરવા માટે પોતાની બધી શકિતઓને અને બધી જીંદગીને આપી દેવાને હિમાચલ જેવી દૃઢ મરજીવાળો હોય તેને જ આ માર્ગના ખરા પ્રવાસીનું-સાચ્ચા રાહદારીનું નામ આપી શકાય એ આ અપરિમીત ધનચકકરનું ખરેખરૂં અનુભવવાનું છે. અને એટલે આ ભયંકર ભવરણના બદમાસ બતાવનારને પકડવો, કેદ કરવો અને એનું વિધિપૂર્વક નિયમસર ઓમ્મીકરણ થવું. આ નકશો માત્ર એવા વીર પ્રવાસીને એટલે એવા મર્દાની રાહદારીને ઉપયોગી થવા માટે છે કે જે પોતાની રાજીખુશીથી જ આ અપરિમિત ધનચકકરની વચ્ચોવચ્ચ પોતે પોતાને જીવતાં જીવિત – ~~રહે છે~~ દફનાવવાને ખરેખર તૈયાર જ હોય – કહો કે જેનો આ જનમ ખરેખર જ છેલવેલ્લો હોય. ઓમ્.

૨. આ ભવરણ આપણી બહારની કોઇ દૃશ્ય જમીન ઉપર નથી.

૩. આ ભવરણ આપણી પોતાની અન્દર છે. એ દિલની – જીવાત્માની-અંધકારમય દશા છે.

૪. આ ત્રણ સડકો - રસ્તાઓ એટલે કે અપરિમીત અને સનાતનનું અંતરમાં પ્રકટીકરણ કરનારી-દિલની જીવાત્માની ત્રણ આગળ વધતી દશાઓ.

૫. આ રણને દરિયો પણ કહી શકાય - ભવસિન્ધુએ કહેવાય.

૬. આ રસ્તાઓ કોઇ દૃશ્ય જમીન ઉપર બનાવેલા નથી કેમકે ભવરણ જાતે જ માણસની અંદર છે.

૭. જીવાત્મા જયારે પોતે પોતાને નિયમસર પ્રજ્ઞાનને રસ્તે વાળે છે ત્યારે એ જ્ઞાનમાર્ગનો પ્રવાસી એટલે જ્ઞાનમાર્ગનો સાચ્ચો અભ્યાસી કહેવાય છે, અને એજ પ્રમાણે બીજા બધા રસ્તાઓ યાને રેલ્વેઓને માટે સમજવું.

૮. આ સડકો કોઇ દૃશ્ય જમીન પર નથી. પણ એ અપરિમીત ધનચક્કરનું પ્રકટીકરણ કરનારી માણસની અન્દરની દશાઓ છે. એટલે અંતર માપી પણ શકાય નહિ. તેમ ચીતરી પણ શકાય નહિ. અંતર એટલે ન તો માઇલ કે ન તો કાલ, પણ અપરિમીત ધનચક્કર પોતાના અનુભવને અનુસરીને માણસની અન્દરની ખુદ અનુભવની અને અન્દરના ફેરફારોની સ્થિતિ

૯. રસ્તાઓની દરેક બાજુએ ભ્રમણના ખોટા ચીલાઓ અને પ્રલોભનોના ભય ઉપર ભય આવે છે, કેમકે દિલ-જીવાત્મા - આ શરીરમાં પાછલી જીંદગીઓની અસરો અને છાપો (સંસ્કારો) લઇને આવે છે. પૂર્વના મન્ત્રદૃષ્ટાઓ કે જેઓ જાતે પુરેપુરા આ સર્વવ્યાપક અપરિમીત ધનચક્કરમાં - તે સર્વોપરિ પ્રિયતમમાં ખોવાઇ ગયા છે, તેમણે ત્રણ મુખ્ય અથવા રસ્તાઓ કહો કે રેલ્વેઓ, આ રણમાંથી જીવાત્માને કાયમને ઘેર જવા માટે બનાવ્યા છે. માણસ વેદોના જ્ઞાનના પ્રકાશને અનુસરી પોતે પોતાનું દર્શન કરી શકે, પોતે પોતાનો અભ્યાસ કરી શકે અને પોતે પોતાને પુરેપુરૂં ઉકેલી શકે છે અને ઉપનિષદોના અપરોક્ષ પ્રજ્ઞાનને અનુસરીને પોતાની જાતના અનુભવ સાથે આધ્યાત્મિક વિશ્વમાં આગળ વધી શકે અને આ પ્રમાણે માણસનો જીવાત્મા તેના પરમ આદિ

કારણને ભેટી શકે – વેદોનું અસલ વતન અને દ્રશ્યાદ્રશ્ય દરેક પદાર્થોનું સાચ્ચું કાયમનું ઘર પામી શકે. આ ઘનચક્કર નકશો આટલા માટે જ.

૧૦. ત્યારે આ રણ તો કોઇ બે આંખે દેખાતી જમીન ઉપર તો નથી. એ તો દિલની યાને જીવાત્માની દશાનું નામ છે. આ રણ એટલે એવી એક ભૂમિ કે જે એક જણાની – એક સર્વનામની – આઠ વિભક્તિઓ અને એના સંબંધીઓએ બનાવેલી છે. એ એક જણને મિસ્ટર "હું"

આ નકશામાં દરેક જણ મિસ્ટર 'હું' એ જીવાત્માએ બનાવેલા ભવરણને અને એમાં પોતાના સ્થાને જોઇ શકે. ભ્રમણના ખોટા ચીલાઓ અને પ્રલોભનો પણ આ નકશામાં બહુ જ સ્પષ્ટ બતાવવામાં આવ્યા છે.

૧૧. આ ભવરણના બતાવનાર મિ. હું નું ઘર આપણી અન્દર છે. આ મિ. 'હું' પોતે પોતાને બનાવે છે અને દિલને માટે – જીવાત્માને માટે આ ભવરણ બનાવવાને પોતાની વિભક્તિઓને અને પોતાનાં સંબંધીઓને પોતાની સાથે લાવે છે. દરેક જણ પોતાને માટે પોતે જ ભવરણ બનાવે છે, અને પોતે પોતાને જીંદગીઓની જીંદગીઓ સુધી એમાં ભટકાવે જ છે. ખરેખર આપણે ઉકેલવાનો કેવો મજાનો કોયડો.

૧૨. હવે સૌથી પહેલાં આ ભવરણના કર્તા મિ. 'હું' ને શોધી કહાડવા જોઇએ- પકડવા જોઇએ, કેદ કરવા જોઇએ – એમના ઉપર કામ ચલાવવું જોઇએ, અને એમને પુરેપુરી કતલ કરવા જોઇએ. :(આ મિ. 'હું'નું મોત એટલે દિલનું – જીવાત્માનું આ પરિમીત ઘનચક્કરમાં તે સર્વોપરિ પ્રિયતમમાં એટલે મનુષ્યના પરમ આદિ કારણમાં કાયમનું ઓમ્મીકરણ) આમ કર્યા વગર દિલનું જીવાત્માનું આ ભવરણનું ભટકણ કદાપિ અટકી શકે નહિ.

૧૩. આ ભવરણનું હોવું જ પૂરેપૂરું રદ કરવા માટે માત્ર આ એક જ સાચ્ચો ઉપાય છે, કે આ ભવરણના કર્તાને પકડવા કેદ કરવા અને એમનું ઓમ્મીકરણ કરવું. કર્તા જાતે જ પકડાયો, કેદ થયો અને ઓમ્મ થયો એટલે ભૂત,ભવિષ્ય કે વર્તમાન એ ત્રણે કાળમાં ભવરણ જેવું કશું છતમાં રહેતું જ નથી. વેદોના મંત્ર-દૃષ્ટાઓનું આજ નિશાન છે. માણસના જીવનનો પણ આ એક જ હેતુ છે. આ હેતુ આ જન્મમાં પૂરેપૂરો પાર પડે નહિ તો દિલ - જીવાત્મા - શરીર ઉપર શરીર બદલ્યા જ કરે છે. આ પ્રમાણે જીવાત્મા પોતે પોતાની મેળે આ બળતા ભવરણનો કમનશીબ ભોગ બને છે. અને જીંદગીઓની જીંદગીઓ સુધી આ ભવરણમાં ભમ્યા જ કરે છે. જયાં સુધી આ રસ્તાઓમાંથી ગમે તે એક રસ્તો મેળવીને જીવાત્મા આગળને આગળ વધ્યા ન કરે અને અપરિમીત ધનચકકરને છેલ્લે મુકામે ન પહોંચે ત્યાં સુધી એ ભવરણમાં ભમ્યાં જ કરે છે.

૧૪. ત્યારે આ નકશામાં દેખાતું ભવરણ માત્ર માણસની પોતાની અંદરની દશા જ રજૂ કરે છે.

માણસનું અંદરનું રણ એ અંધકારનું એક એવું ભયંકર આવરણ છે કે જે ભવરણના બેસુમાર બેદરકાર અને અભ્યાસ કર્તા મિ. 'હું'ને ઇરાદાસર રચેલું છે. એ મિ. 'હું'ના ઉપર એવું તહોમત ફરમાવવામાં આવે છે કે એ મિ. 'હું' સ્વભાવે એક સર્વનામ છે. પણ જાતે સર્વનામ નથી. એણે આ સર્વવ્યાપક સજાતિય અપરિમીત ધનચકકર એટલે દૃશ્ય અને અદૃશ્ય બધા વિશ્વોના પૂરેપૂરા સત્તાધીશના સનાતન સર્વોપરિ સૌન્દર્ય ઉપર હેતુપૂર્વક પડદો કર્યો છે.

આ આરોપીને એટલે જીવાત્માની આ ભવણરના કર્તા અપમાનને પાત્ર ઠીક ઓનરેબલ મિ. 'હું'ની પાંજરામાં પૂરેપૂરી તપાસ ચલાવવી જોઇએ. નકશો લઇએ અને એના ઉપર વિચાર કરીએ. આ મિ. 'હું'નકશામાં કયાં આગળ છે· શોધી કાઢો અને .................... ઓમ ગુરુ ધનચકકર

'સાગર' ઓમ્ શાન્તિ.